CMYK


પાર્ટી પ્લોટ આપવાનો

રેસ્ટોરન્ટ/લોજ, જગ્યા ભાડે આપવાની છે. પાર્ટી પ્લોટ માટે રેસ્ટોરન્ટ/લોન માટે અકવાડા ગુરુકુળની સામે.

9426256064



LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, જામનગર, અમરેલી રાજકોટ, બોટાદ અને મોરબીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૩૦૧૪૭૨૧, ૩૦૧૪૭૨૨ ફેક્સ : ૨૫૨૪૮૮૮

● સંવત ૨૦૭૪ આસો સુદ - ત્રીજ | શુક્રવાર તા.૧૨-૧૦-૨૦૧૮ | અંક : ૨૯૪ વર્ષ : ૧૪ | કિંમત રૂા. ૨-૫૦ | પાના-૮



જય પરશુરામ

ઉધઇ

આપના મકાન-બંગલા-ફ્લેટમાં ઈન્જેક્શન દ્વારા ઉધઇ ટ્રીટમેન્ટ

એન.ડી. ભટ્ટ (સરકાર માન્ય)

મો.9925457777


# સરકારે 17 વસ્તુઓ પર ઇમ્પોર્ટ ડ્યૂટી 20% વધારી

## મોબાઈલ-સ્માર્ટ વોચ મોંઘા થઈ શકે છે આયાત શુલ્કના નવા રેટ આજથી લાગુ



નવી દિલ્હી, શુક્રવાર

સરકારે ગુરૂવારે ૧૭ વસ્તુઓ પરની ઈમ્પોર્ટ ડ્યૂટી ૧૦થી ૨૦% સુધી વધારી દીધી છે. જેમાં સ્માર્ટ વોચ અને કોમ્યુનિકેશન સાથે જોડાયેલાં ગેજેટ્સ સામેલ છે. આયાત શુલ્કના નવા રેટ શુક્રવારથી લાગુ કરવામાં આવ્યાં છે. પ્રિન્ટર સર્કિટ બોર્ડ એસેમ્બલી જેવાં સંચાર ઉપકરણો પર ડ્યૂટી ૧૦% વધારવામાં આવી છે. સરકારે સ્થાનિક નિર્માતાઓને માટે સંચાર ઉપકરણોમાં ઈમ્પોર્ટેડ ઈલેક્ટ્રોનિક્સ ગુડ્સના ઉપયોગ પર પણ રોક લગાવી દીધી છે.

સરકારે ૧૬ દિવસમાં બીજી વખત ઈમ્પોર્ટ ડ્યૂટી વધારી છે. આ પહેલાં ૨૬ સપ્ટેમ્બરે ફ્રિઝ અને વોશિંગ મશીન સહિત ૧૯ વસ્તુઓ પર ડ્યૂટી વધારી હતી. ચાલુ ખાતાના નુકસાનને ઘટાડવા અને રૂપિયાની નરમાશને થામવાના પ્રયાસમાં સરકારે આ પગલું ઉઠાવ્યું છે. એપ્રિલ-જૂનમાં ચાલુ ખાતાનું નુકસાન GDPના ૨.૪% સુધી થયા. ડોલરની તુલનાએ રૂપિયામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે, જે ૭૪ની ઉપર પહોંચી ગયો છે.

## સ્વામી સાનંદના મોત પર ઉઠ્યા સવાલ, રાહુલ ગાંધીએ કહ્યું, 'અમે લડત આગળ લઈ જઈશું'

નવી દિલ્હી, શુક્રવાર

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગંગાની સફાઈ અને સંરક્ષણ માટે લાંબા સમય સુધી સંઘર્ષ કરનારા પર્યાવરણવિદ જી ડી અગ્રવાલના નિધન પર દુઃખ વ્યક્ત કરતા આજે કહ્યું કે અમે તેમની લડાઈને આગળ લઈ જઈશું. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે મા ગંગાના સાચા પુત્ર પ્રોફેસર જીડી અગ્રવાલ રહ્યા નથી. ગંગાને બચાવવા માટે તેમણે ખુદને મીટાવી દીધા. તેમણે કહ્યું કે હિંદુસ્તાનને ગંગા જેવી નદીઓએ બનાવ્યો છે. ગંગાને બચાવવી એ હકીકતમાં દેશને બચાવવાનો છે. અમે તેમને ક્યારેય ભૂલીશું નહીં. અમે તેમની લડાઈને આગળ લઈ જઈશું. લાંબા સમયથી ગંગાની સ્વચ્છતા અને સંરક્ષણની માગણી કરી રહેલા પર્યાવરણવિદ જી ડી અગ્રવાલનું ગુરુવારે નિધન થઈ ગયું. તેઓ સ્વામી સાનંદના નામથી ઓળખાતા હતાં. સ્વામી સાનંદ છેલ્લા ૧૧૨ દિવસથી ઉપવાસ પર હતાં. તેમણે ૯ ઓક્ટોબરથી પાણીનો પણ ત્યાગ કર્યો હતો. આ બાજુ શ્રી વિદ્યામઠના મહંત અવિમુક્તેશ્વરાનંદે સ્વામી સાનંદના મોતને હત્યા ગણાવી છે. તેમણે કહ્યું કે આમ કેવી રીતે બની શકે કે જે વ્યક્તિ આજે સવાર સુધી સ્વસ્થ અવસ્થામાં હોય અને પોતાના હાથેથી પ્રેસ જાહેરાત લખીને જારી કરે. તેઓ ૧૧૧ દિવસથી તપસ્યા કરતા આશ્રમમાં તો સ્વસ્થ રહ્યાં પરંતુ હોસ્પિટલમાં પહોંચીને એક રાત વિતાવતા જ તેમનું તે સમયે મૃત્યુ થઈ ગયું જ્યારે તેમણે પોતે જ તેમના શરીરમાં ઉભી થયેલી પોટેશિયમની ઉણપને દૂર કરવા માટે ઈન્જેક્શનના માધ્યમથી પોટેશિયમ લેવાનું સ્વીકારી લીધુ હોય. તેમણે આરોપ લગાવ્યો કે અમને લાગે છે કે સ્વામી સાનંદની હત્યા થઈ છે. અવિમુક્તેશ્વરાનંદે ગંગાની અવિરલ ધારાની માંગને લઈને તપસ્યા કરી રહેલા જ્ઞાનસ્વરૂપ સાનંદના અચાનક મોત પર સવાલ ઊભા કર્યાં. તેમણે કહ્યું કે એવું બતાવવામાં આવે છે કે તેમને હાર્ટ એટેક આવ્યો. તેમણે કહ્યું કે આ સરકાર જો એ સંદેશ આપવાની વાત કરે છે કે જે ગંગાની વાત કરશે, તેની હત્યા થઈ જશે. તેમણે કહ્યું કે આ દેશમાં ગંગા માટે પહેલા પણ અમારા પૂર્વજોએ બલિદાન આપ્યું છે અને આજે પણ ગંગા ભક્ત ગંગા માટે કંઈ પણ કરી છૂટવામાંથી પાછળ હટશે નહીં. તેમણે કહ્યું કે સ્વામી સાનંદના જવાથી ગંગા અભિયાન બંધ નહીં થાય, તે સતત ચાલુ જ રહેશે.



સ્વામી સાનંદ છેલ્લા ૧૧૨ દિવસથી ઉપવાસ પર હતાં : ૯ ઓક્ટોબરથી પાણીનો પણ ત્યાગ કર્યો હતો

## પેન્ડિંગ કેસો ઉકેલવા કવાયત : ચીફ જસ્ટીસ ગોગોઈએ જજોની રજાઓ પર લગાવ્યો બેન



### ગોગોઈએ જજને ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચારના મુકાબલો કરવાની વાત પર પણ જોર આપ્યું હતું

નવી દિલ્હી, શુક્રવાર

સીજેઆઇ તરીકેનો પદભાર સંભાળ્યાને બે દિવસ બાદ એટલે કે ૫મી ઓક્ટોબરે ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ વીડિયો કોન્ફરન્સ કરી હાઈકોર્ટના વરિષ્ઠ જજ સાથે વાત કરી અને તમામને કોર્ટના કામ પૂરાં કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહ્યું. આ ઉપરાંત સીજેઆઇ ગોગોઈએ જજને ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચારના મુકાબલો કરવાની વાત પર પણ જોર આપ્યું હતું.

મળતી માહિતી મુજબ સીજેઆઇ રંજન ગોગોઈએ હાઈકોર્ટના જજોને કાર્યદિવસના દિવસે

અનુસંધાન ૭

## શેર બજાર તૂટતા જેતપુરમાં શેર દલાલે પોતાની ઓફિસમાં જ ગળેફાંસો ખાઇ કર્યો આપઘાત

### સરદાર ચોકમાં વૈભવ લક્ષ્મી ફાઈનાન્સ એન્ડ સર્વિસ નામની પેઢીથી શેર બજારમાં લે વેચનો ધંધો કરતો હતો



જેતપુર, શુક્રવાર

શેર બજાર તૂટતા જેતપુરના એક શેર દલાલને આર્થિક ભીંસ વધતા પોતાની ઓફિસમાં જ પંખા સાથે કપડું બાંધી આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા પોલીસ દોડી આવી હતી અને તપાસ કરતા ધંધામાં આર્થિક ભીંસ વધી હોય અને આવું પગલું ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલવા પામ્યું છે. સરદાર ચોકમાં વૈભવ લક્ષ્મી ફાઈનાન્સ એન્ડ સર્વિસ નામની પેઢીથી શેર બજારમાં લે વેચનો ધંધો કરતો હતો પ્રાપ્ત વિગત મુજબ જેતપુરમાં રહેતા વિપુલ જેન્તીભાઇ શીંગાળા નામનો યુવાન સરદાર ચોકમાં વૈભવ લક્ષ્મી ફાઈનાન્સ એન્ડ સર્વિસ નામની પેઢીથી શેર બજારમાં લે વેચનો ધંધો કરતો હતો. પરંતુ શેર બજાર તૂટતા પોતે આર્થિક ભીંસમાં આવી જતા પોતાની જ ઓફિસમાં ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. પોલીસ તેના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.




મેન્સ વર્લ્ડ

નવરાત્રિ ધમાકા

ચીલ્ડન વેર ફક્ત ૩૫૦/-

જેન્સ વેર ફક્ત ૨૦% OFF

પેન્ટ શર્ટ ટીશર્ટ

બ્રાન્ડેડ આઇટમ મળશે.

સરનામું : ગઢેચી વડલા, સરિતા શોપિંગ બાજુમાં, ભાવના કોમ્પ્લેક્ષ, ભાવનગર.



દુકાન વેચવાની

રોડ ટચ ફર્નીચર સાથે ચાલુ આવક નજક ચેમ્બર વીર મોખડાજી સર્કલની સામે, ઘોઘા રોડ દલાલ ભાઈઓ આવકાર્ય.

9924868714


### KOTAK MAHINDRA BANK LTD.

kotak

રજીસ્ટર્ડ ઓફિસ ૨૭બીકેસી, સી-૨૭, જી બ્લોક, બાંદ્રા કુર્લ કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ ૪૦૦ ૦૫૧ અને બ્રાન્ચ ઓફિસ : ૧૫૯-એ, વિનય ભવ્ય કોમ્પ્લેક્ષ, પાંચમો માળ, સીએસટી રોડ, કલીના, સાંતાક્રુઝ (ઈ) મુંબઈ ૪૦૦ ૦૯૮

નોટિસ એ છે કે નીચેના દેવાદારો અને સહ દેવાદરો જેમણે લોન સુવિધા લીધી છે. કોટક મહિન્દ્રા બેંક લિ. તેની શાખા કચેરી ૧૫૯-એ, વિનય ભાવ્ય કોમ્પ્લેક્સ, ૫ મો માળ, સીએસટી રોડ, કાલિના, સાંતાક્રુઝ (ઈ) મુંબઈ ૪૦૦ ૦૯૮, તેમની ક્રેડિટ સુવિધાના રસને સેવા આપવા નિષ્ફળ રહ્યા છે કેએમબીએલને અને તેમના લોન ખાતાઓ માર્ગદર્શિકા મુજબ બિન-પરફોર્મિંગ એસેટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા જારી કરાયેલ. બોરોવરએ સ્થાવર મિલકતની સુરક્ષા પૂરી પાડી છે કેએમબીએલ, જેની વિગતો અહીં નીચે વર્ણવેલ છે. લોન અને રકમની વિગતો

૦૯-૦૭-૨૦૧૮ ના રોજ કેએમબીએલને દેવાદારો દ્વારા બાકી અને ચૂકવવાપાત્ર નીચે જણાવેલ છે. ઋણ લેનારાઓ અને સહ ઋણદારો તેમજ સામાન્ય જનતાને આ રીતે જાણ કરવામાં આવે છે કે કેએમબીએલના અધિકૃત અધિકારી તરીકે સહિકરનાર, સુરક્ષિત લેણદારએ તેની વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે સિક્યોરિટાઇઝેશન અને નાણાકીય અસ્કયામતોના પુનઃ નિર્માણના જોગવાઈઓ હેઠળ નીચેના દેવાદારો અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસિઆ એક્ટ) અમલમાં મૂકવા. જો નીચેના દેવાદારો નિષ્ફળ જાય આ નોટિસના ૬૦ (Sixty) દિવસની અંદર તેમના નામો સામે સૂચવેલી બાકીની બાકીની રકમ ચૂકવો સબ-સેક્શન હેઠળ સુરક્ષિત ક્રેડિટ કરનારને આપવામાં આવેલી કોઈપણ એક અથવા વધુ સત્તાઓનો અન્ડરસાઈન કરશે. (૪) સરફેસિ એક્ટની કલમ ૧૩ નો સમાવેશ થાય છે, જેમાં મિલકતનો કબજો લેવા અને વેચવાની શકિતનો સમાવેશ થાય છે. સમાન જાહેર જનતાને સલાહ આપવામાં આવી છે કે નીચે વર્ણવેલ ગુણધર્મો સાથે વ્યવહાર ન કરવો :

**બોરોવર / સહ ઉધાર લેનારનું નામ**

૧. એમ / એસ આયુધ ઈમ્પેક્સ પ્રા. લિ. (બોરોવર) સરનામું પ્લોટ નં. ૯ / એ, લક્ષ્મીનારાયણ સોસાયટી, ઓપ બાલ વાટિકા, બોર તલાવ રોડ, ભાવનગર, ગુજરાત
૨. ગાયત્રીદેવી અશોકભાઈ ગઢવી (ગેરેન્ટર) સરનામું, પ્લોટ નંબર ૨૬, બેંક કોલોની, દેસાઇ નગર, ચિત્રા ભાવનગર.
૩. સુરેશભાઈ રવજીભાઈ મોરડિયા (ગેરેન્ટર) પ્લોટ નં. ૯ / એ, લક્ષ્મીનારાયણમાં સરનામે હોવાનું સોસાયટી, ઓપ બાલ વાટિકા, બોર તલાવ રોડ, ભાવનગર, ગુજરાત
૪. કૈલાશબેન એસ મોરડિયા (ગેરેન્ટર) સરનામું, પ્લોટ નં. ૯ / એ, લક્ષ્મીનારાયણ સોસાયટી ઓપ બલ વાટિકા, બોર તલાવ રોડ, ભાવનગર, ગુજરાત
૫. ભાવીદકુમાર અરુણભાઈ દવે (ગેરેન્ટર) સરનામું, પ્લોટ નં. ૯ / એ, લક્ષ્મીનારાયણ સોસાયટી, ઓપ બાલ વાટિકા, બોર તલાવ રોડ, ભાવનગર, ગુજરાત
૬. અલ્પેશ રવજીભાઈ મોરડિયા (ગેરેન્ટર) સરનામું, પ્લોટ નંબર ૯ / એ, લક્ષ્મીનારાયણ સોસાયટી, ઓપ બાલ વાટિકા, બોર તાલવ રોડ, ભાવનગર, ગુજરાત
૭. ચેતનભાઈ અરુણભાઈ દવે (ગેરેન્ટર) સરનામું ૪૧૭, ગાંડા ફલિયુ, ભિંસારા શેરી, નારી, ભાવનગર.

**કેએમબીએલને ચાર્જ કરવામાં આવેલી મિલકતની સૂચી**
**KMBL ને મોર્ટગેજ થયેલા સ્થાવર મિલકતનું વિગતવાર વર્ણન :**

નીચેની મિલકતો પર મોર્ટગેજઃ (૧) પ્લોટ નંબરની પેટા પ્લોટ નંબર ૧૧ / એમાં સ્થિત રહેણાંક મિલકત ૧૧ લક્ષ્મીનારાયણ સોસાયટીમાં, વાડવની જમીન આર.એસ. નં. ૨૫૨ પાકી, શિવમ વિદ્યાલય નજીક, ઓપ બાલ વાટિકા, નજીક બોર તલાવ / ભાવનગર રાજકોટ સ્ટેટ હાઈવે, બોર તલાવ રોડ, શહેર ભાવનગર, તાલુકો અને જિ-ભાવનગર અને (૨) શ્રી મહાવીરમાં પ્લોટ નંબર ૧૮ ના પેટા પ્લોટ નંબર ૧૮ / એમાં રહેઠાણ ધરાવતી નિવાસી એકમ મહિલા કો-ઑપ હાઉસિંગ સોસાયટી, ડી.ડી., વાડવની જમીન આર.એસ. નંબર ૨૫૩/૧૧ પાકી, હરે રામ હરે નજીક કૃષ્ણ મંદિર / બેંક કોલોની, ઓપ બાલ વાલિકા અને લક્ષ્મી નારાયણ સોસાયટી, નજીક બોર તલાવ ભાવનગરથી રાજકોટ સ્ટેટ હાઈવે, બોર તલાવ રોડ, શહેર-ભાવનગર, તાલુકો અને જિ ભાવનગર

**૦૯ જુલાઈ, ૨૦૧૮ ના રોજ આરએચબી ૬૮૧૨૬૮ માટે બાકી રકમની વિગતો**

| વિગત. | રકમ (રૂ.) |
|---|---|
| પ્રિન્સિપલ આઉટસ્ટેન્ડિંગ (વ્યાજ પ્રાપ્તિપાત્ર, દંડ વ્યાજ અને અન્ય ખર્ચ) | રૂ. ૧,૦૦,૦૭,૫૮૭.૫૯ |
| કુલ રકમ (રૂ. એક કરોડ સાત હજાર પાંચસો સતીયાસી અને ઓગણ સાઈઠ પૈસા પુરા) | રૂ. ૧,૦૦,૦૭,૫૮૭.૫૯ |

તા.૧૨-૧૦-૨૦૧૮
સ્થળ : ભાવનગર

એસડી (અધિકૃત અધિકારી)
કોટક મહિન્દ્રા બેન્ક લી.


ફોન : ૦૨૭૮-૨૫૧૧૧૩૩

સેવક ટ્રેડર્સ



www.sevakhandicraft.com

દરેક સાઈઝમાં બારી-દરવાજા પ્યોર સાગમાંથી સાદા તેમજ રજવાડી ઓર્ડર મુજબ બનાવી આપીશું.

ઓફીસ : ચાવડીગેટ, પાવર હાઉસની સામે, ભાવનગર

મો.૯૩૭૫૫૮૭૪૬૫, ૯૯૭૪૧૫૫૨૩૪


## શ્રદ્ધાંજલી



**સ્વ.બાલુબેન વિરસિંહ બારડ (ઉ.વ.૯૫)**

સ્વ.તા.૯-૧૦-૨૦૧૮, ભાદરવા વદ અમાસ, મંગળવાર

જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા,
સુખ દુઃખમાં સદાય હસતા રહ્યા તમે, પાપણના પલકારે
મોક્ષ પામી ગયા... પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે...

**સ્વ.વિરસિંહ ઘુસાભાઈ બારડ**

પ્રતાપસિંહ વિરસિંહ બારડ — સ્વ.જયાબા પ્રતાપસિંહ બારડ
રાયસિંહ વિરસિંહ બારડ — સરલાબા રાયસિંહ બારડ
ગૌતમસિંહ પ્રતાપસિંહ બારડ — કીરણબા ગૌતમસિંહ બારડ
પ્રશાંતસિંહ પ્રતાપસિંહ બારડ — માધવીબા પ્રશાંતસિંહ બારડ
અભીરાજસિંહ રાયસિંહ બારડ — હિરલબા રાયસિંહ બારડ

દિપીકાબા મુળરાજસિંહ પરમાર
ક્રીષ્ના, ધ્રુવી, પુર્વા, ભગીરથ, ધ્રુવરાજ, પ્રિયંકા

બેસણું : તા.૧૨-૧૦-૧૮ને શુક્રવારે સમય : સાંજે ૪ થી ૬ રાખેલ છે
ઉત્તરક્રિયા : ૧૯-૧૦-૧૮ને શુક્રવાર
સરનામું : રાયસિંહ વિરસિંહ બારડ, પ્લોટ નં.૧-સી, રાધેક્રિષ્ના ટેનામેન્ટ, હરીદ્વાર ફ્લેટની સામે, અખીલેશ સર્કલ પાસે, સુભાષનગર, ભાવનગર.

## સાયબર અટેક : ૪૮ કલાકમાં બંધ થઈ શકે છે ઈન્ટરનેટ, મુખ્ય ડોમેન સર્વર નહીં કરે કામ

### આની અસર ડોટ કોમ, ડોટ ઇન, ડોટ ઓઆરજી સહિતની ડોમેન સાથે જોડાયેલી વેબસાઈટ પર પડશે

નવીદિલ્હી, શુક્રવાર

આખી દુનિયાના ઈન્ટરનેટ યુઝર્સએ આવનાર ૪૮ કલાકમાં કોઇપણ સમયે નેટવર્ક ફેલ જેવી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ટેક એક્સપર્ટ અનુસાર, સાયબર હુમલાનો સામનો કરવા માટે દુનિયાના મુખ્ય ડોમેન સર્વરની મેન્ટેનેન્સ કરવામાં આવશે. દુનિયાના મુખ્ય ડોમેન સર્વરમાં ડોટ કોમ, ડોટ ઇન, ડો ઓઆરજી સહિત જોડાયેલી વેબસાઈટ ડાઉન રહેશે.

રશિયાના એક ન્યૂઝ પેપર અનુસાર, બધા જ ડોમેન સર્વરનું નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દુરસ્ત કરવામાં આવશે. એવામાં થોડા સમય માટે આખી દુનિયાની મોટાભાગની વેબસાઈટ કામ નહીં કરે. રિપોર્ટમાં જણાવ્યું કે, ઈન્ટરનેટ કોર્પોરેશન ઓફ અસાઈન્ડ નેમ્સ એંડ નંબર્સ મેન્ટેનેન્સ દરમિયાન ક્રિપ્ટોગ્રાફિક કીમાં પરિવર્તન કરશે. આનાથી ઈન્ટરનેટ એડ્રેસ બુક અને ડોમેન નેમ સિસ્ટમની સુરક્ષા પ્રણાલી વધારે શક્તિશાળી બનશે. સાથે જ, સાયબર હુમલાની અસર વેબસાઈટ પર પડશે નહીં. આઈસીએએનએન



અનુસાર, સાયબર હુમલાથી બચવા માટે આ ખૂબ જ જરૂરી પગલું છે. કમ્યુનિકેશન્સ રેગ્યુલેટરી ઓથોરિટી (સીઆરએ)એ સ્પષ્ટ કર્યું કે, જો નેટવર્ક ઓપરેટર અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર આ પરિવર્તન માટે તૈયાર નથી થતા તો તેનાથી યુઝર્સ પ્રભાવિત થશે. તેમણે જણાવ્યું કે, જો ઈન્ટરનેટ યુઝર્સ જુની આઈએસપી યુઝ કરી રહ્યા છે તો તેમને આગલા ૪૮ કલાક સુધી વેબ પેજ એક્સેસ કરવા અને કોઈપણ પ્રકારના ટ્રાંઝેક્શન કરવામાં મુશ્કેલી થઇ શકે છે.

CMYK